MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 06, December 2025

# સરસ્વતીચંદ્ર : એક અભ્યાસ

**ડૉ. રામભાઈ રામ**

આચાર્ય, ઇનોવેટીવ આર્ટ્સ અને કોમર્સ કૉલેજ ખોરાસા (ગીર)

વિશ્વસાહિત્યમાં સૌથી લોકપ્રિય સાહિત્ય સ્વરૂપ હોય તો તે નવલકથા છે. ગુજરાતી ભાષા સાહિત્યમાં 'કરણઘેલો' આપણી પ્રથમ ગુજરાતી નવલકથા તરીકે ખ્યાત છે. 1867 માં નંદશંકર તુળજાશંકર મહેતાએ ગુજરાતની ઐતિહાસિક ઘટના આધારે 'કરણઘેલો' લખી. પરંતુ પંડિતયુગમાં રચાયેલી “સરસ્વતીચંદ્ર” નવલકથાએ ગુજરાતી ગદ્યસાહિત્યને ગૌરવ આપાવ્યું છે. ગોવર્ધનરામ ત્રિપાઠીએ “સરસ્વતીચંદ્ર” નવલકથા ચાર ભાગમાં લખેલી છે. તેથી મહાનવલ તરીકે માન અને સ્થાન મેળવતી “સરસ્વતીચંદ્ર” ભરતીય કથા સાહિત્યમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરે છે.

લેખકે ઈ.સ.1887 માં “સરસ્વતીચંદ્ર”નો પ્રથમ ભાગ પ્રકાશિત કર્યો, ત્યાર બાદ ઈ.સ. 1891 માં બીજો ભાગ,ઈ.સ. 1897 માં ત્રીજો ભાગ અને ઈ.સ. 1901 માં “સરસ્વતીચંદ્ર”નો ચોથો ભાગ પ્રકાશિત કર્યો. લેખક આ નવલકથાના પ્રથમ ભાગને “બુદ્ધિધન નો કારભાર” એવું શીર્ષક આપ્યું. બીજા ભાગને “ગુણસુંદરીની કુટુંબજાળ”, ત્રીજા ભાગને “રત્નનગરીનું રાજ્યતંત્ર” શીર્ષક આપ્યું. ચોથા ભાગને “સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય તથા પૂર્ણાહુતિ” એવું શીર્ષક આપ્યું. ગોવર્ધનરામે આ નવલકથામાં ભારતીય જીવનનાં બહુવિધ પાસાંઓનો વિચાર કર્યો છે. પરિણામે હિન્દુ પરિવારનું સંસારજીવન, સંયુક્ત કુટુંબ, ગૃહ જીવન, આદર્શ રાજ્યનું ચિત્ર, ધર્મ સમાજ વગેરેનું તાત્વિક દર્શન આ નવલકથાને અસાધારણ બનાવે છે.

“સરસ્વતીચંદ્ર”માં લેખકે ગૃહજીવન, પારિવારિક સંચાર, જીવનના પ્રશ્નોનું બારીકાઈથી ગંભીરતાપૂર્વક અવલોકન કર્યું છે. લક્ષ્મીનંદન, બુદ્ધિધન, વિદ્યાચત્તુરના કુટુંબ દ્વારા તત્કાલીન સમાજનું વાસ્તવિક આલેખન કર્યું છે. સંયુક્ત કુટુંબ જીવન, સમાજના રીતરિવાજો વ્યવહાર અને જવાબદારી કુટુંબમાં સ્ત્રીનું સ્થાન; આવા એકાધિક ભાવનાશીલ ચિત્રો આલેખીને લેખકે જીવનમૂલ્યો અને ભારતીય આદર્શોનું મહિમાગાન કર્યું છે. પશ્ચિમના રાષ્ટ્રો કરતાં ભારતીય સંસ્કૃતિનું મૂલ્ય વિશેષ છે. ભારત દેશની કુટુંબ ભાવના ત્યાગ-પ્રધાન છે. વૃદ્ધો-વડીલોની સેવા, બાળકોનું સંસ્કાર-સિંચન અને ઉછેર જેવાં મૂલ્યો આપણી આગવી ઓળખ છે. તેનું તાત્વિક દર્શન આ નવલકથાને આકર્ષક બનાવે છે.

સરસ્વતીચંદ્ર આ નવલકથાનો નાયક છે. કુમુદસુંદરી સાથે તેનું વેવિશાળ નક્કી થયું છે. પણ ગૃહકલેશને કારણે તે ગૃહત્યાગ કરી; નવીનચંદ્ર નામ ધારણ કરી સુવર્ણપુર આવે છે. વેવિશાળ ફોક કરવા વિદ્યાચતુરને પત્ર લખે છે. કુમુદસુંદરીના લગ્ન પ્રમાદધન સાથે થાય છે. પણ તે સરસ્વતીચંદ્રને ભૂલી નથી. આ રીતે કથા આગળ વધે છે. જો કે સરસ્વતીચંદ્ર લેખકનું માનસસંતાન છે. એક આદર્શ ભારતીય યુવાન છે. "એકભવમાં બે ભવ થયાં” એમ કહેતી કુમુદ એક આર્યનારી તરીકે જોવા મળે છે. આ નવલકથામાં રાજ્યોનો વિસ્તાર રાજાઓની ખટપટ રાગદ્વેશના આલેખન દ્વારા રાજ્યમાં પ્રધાનપદ રાજા-પ્રજાના પરસ્પર સંબંધોનું વાસ્તવિક નિરૂપણ મળે છે. જો કે અંતે લેખકે અહીં આદર્શ રાજ્યતંત્રની કલ્પનાનું આલેખન કર્યું છે. અહીં ભારત દેશ માટેની પરિકલ્પના ખૂબ જ સૂક્ષ્મ અને પ્રભાવક રીતે ઉલ્લેખ પામી છે.

"સરસ્વતીચંદ્ર"નાં પાત્રોમાં જીવન સંઘર્ષ અત્યંત ગંભીરતાથી નિરૂપાયા છે, તત્કાલીન હિંદુ સમાજનો સંસ્કૃતિનો તેની તે નિશ્ચિત સ્થિતિ-પરિસ્થિતિનો વિસ્તૃત આલેખ મળે છે. સરસ્વતીચંદ્ર, વિદ્યાચતુર જેવાં પાત્રો પૂર્વની અને પશ્ચિમની કેળવણીથી ઘડયેલા વિશિષ્ટ પાત્રો છે. "સરસ્વતીચંદ્ર" સર્વસ્વનો ત્યાગ કરીને જે પ્રજા-કલ્યાણનો યજ્ઞ આરંભે છે તેમાં તેનો આદર્શ પ્રગટ થાય છે. ભારતીય જીવન મૂલ્યો પ્રેરિત પાત્રોમાં કુમુદસુંદરી, ગુણસુંદરી, કુસુમ, સૌભાગ્યદેવી જેવા સ્ત્રીપાત્રોનું આલેખન રસપ્રદ રીતે થયું છે. નવલકથાના વિચારપ્રધાન અને આદર્શ પ્રસંગ નિરૂપણમાં ભારતીય ભાવનાઓનું પ્રતિનિધિત્વ કરતા આ પાત્રો માનવ સહજ મર્યાદાઓમાંથી બહાર આવતા દર્શાવાયા છે, તેમાં લેખકની સૌમ્ય સર્જકતાનો પરિચય મળી રહે છે.

આ નવલકથા ભારતીય જીવનસંસ્કૃતિ અને હિંદુસમાજની વાસ્તવિકતાઓ સારા-નરસા શુભાશુભના તત્વો તથા અર્થહીન માન્યતા વ્યવહારો તરફ અંગુલી નિર્દેશ કરે છે. અહીં સ્ત્રીજીવનનું રહસ્ય, સમાજ પ્રત્યેની ફરજો, ગૃહસંસારની આંટીઘુંટી, વિધવાલગ્નનો વિષય, સ્ત્રી-કેળવણી, રાજકીય કાવાદાવા, સંયમી વિચારધારા એમ અનેક દ્રષ્ટિકોણની વિસ્તૃત છણાવટ થઈ છે. લેખકે ગૃહસ્થ પાત્રોમાં પણ આદર્શજીવન શૈલી રજૂ કરવા મથ્યા છે. સ્ત્રી પુરુષના પ્રેમને દિવ્યકોટીએ મુકવા સરસ્વતીચંદ્ર અને કુમુદ સુંદરી જેવા પાત્રો સર્જ્યાં છે. આત્મસાક્ષાત્કાર અને આત્મકલ્યાણ, અધ્યાત્મ અને મોક્ષમાં જીવનુ સાફલ્ય છે એ વાતને લેખકે ભારપૂર્વક સ્વીકારે છે. આપણું ભારતીય જીવન ભોગવાદી નહીં, પણ ત્યાગ-પ્રધાન છે. પ્રજાજીવનમાં જે સુંદર તત્વો છે અને અનિષ્ટમાં પણ આંશિક તત્વ જે હિતકર છે તે અહીં પાત્રો દ્વારા સિદ્ધ થતું અનુભવાય છે. આ નવલકથાનું ભાવન કરતાં જણાય છે કે સ્ત્રી પુરુષની પૂર્ણ ચેતનાનો આવિર્ભાવ, દિવ્યચેતનાનો આવિર્ભાવ થાય તેમાં ભારતીય સંસ્કૃતિનો મહિમા રહેલો છે. તેથી જ કુમુદ પુનઃલગ્ન કરતી નથી. તે સાધ્વીઓની પ્રેમ વિચારચર્ચા સ્વીકારતી નથી. લેખકે બુદ્ધિધનનુ કુટુંબ સંસ્કરી, જીર્ણ થયેલી ગૃહસ્થા પરંપરાને સ્વીકારતું દર્શાવ્યું છે. તો શઠરાઇનું કુટુંબ પ્રપંચી રાજ્યલોલુપ દર્શાવ્યું છે. પરંતુ એક ભારતીય કુટુંબનો આદર્શ કેવો છે! તે વિદ્યાચતુરના કુટુંબની જીવનશૈલી દ્વારા દર્શાવાયું છે.

સરસ્વતીચંદ્રમાં સ્ત્રી પાત્રો અનેક છે તેમાં સૌભાગ્યદેવીનું પાત્ર આર્યનારીનું સંસ્કારનું પ્રતિનિધિત્વ કરે છે. પુરુષ પાત્રોમાં બુદ્ધિધન ધર્મનિષ્ઠ પાત્ર છે. તે આર્યસમાજ અને સંસારની ઉપરાંત ધર્મની સમીક્ષા કરે છે, જ્યારે ગુણસુંદરીનાં સંસ્કાર અને કર્તવ્ય નિષ્ઠાં અંગે વાત કરવી અવર્ણનીય છે. ગુણગ્રાહી વ્યવહાર, વર્તનથી આદર્શ નારીજીવન તે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. લેખકે સામાજિક ઉત્થાનના પાયામાં આપણી ગૃહ અને કુટુંબભાવની વિચારણા કરી, પરંતુ રાજ્યસંસ્થા વિના કુટુંબસંસ્થા શી રીતે વિકાસ પામે ? એવી સુજ સાથે રાજ્યવ્યવસ્થાની વિચારણા મૂકી આપી. આમ ગૃહપરિવાર, રાજ્યતંત્રને તેમણે ધર્મના વિશાળ પ્રદેશમાં પ્રસ્તુત કર્યા. આ નવલકથાના આરંભથી જ સરસ્વતીચંદ્રની દેશકલ્યાણની ભાવના લક્ષ્ય સ્થાન સુધી ગતિ કરતી જણાય છે.

સમગ્ર રીતે અભ્યાસ કરતા જણાય છે કે લેખક વ્યક્તિનિષ્ઠ પ્રેમને સમષ્ટી પ્રેમમાં ઓગળી જતો દર્શાવે છે. લેખકમાં પશ્ચિમનો બૌદ્ધિક ખ્યાલ અને કર્મનિષ્ઠા તેમજ આપણી અધ્યાત્મ પરંપરામાંથી સામર્થ્ય પ્રાપ્ત કરતું કુટુંબસમાજ જીવન તત્વ આ બંને પ્રત્યે આદર રાખતી સમન્વય દ્રષ્ટિ હતી. ઉપરાંત પશ્ચિમમાંથી આવશ્યક એવી જીવંત દ્રષ્ટિ, જીવન રીત ભાત જીવન ખ્યાલો પણ જરૂરિયાત પ્રમાણે અપનાવી લેવું જોઈએ, એવું હકારાત્મક વલણ હતું. લેખકે આ બધું કલાના ધોરણે આલેખ્યું. એક રીતે જોઈએ તો સરસ્વતીચંદ્રમાં ભારતીય સંસ્કૃતિની ખોજ દેખાય છે. એ રીતે પ્રસ્તુત નવલકથા

ભારતીય સાહિત્યની અસાધારણ ઘટના છે આપણા વિદ્વાનોએ હિંદુ ધર્મના ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રેરિત પ્રસ્તુત નવલકથાના ચાર ભાગને સરખાવ્યા છે. તેમાં ચોથા ભાગમાં ભારતીય ધર્મભાવના અને અધ્યાત્મના અંશો જણાય આવે છે. અર્થાત લેખકે “સરસ્વતીચંદ્ર”માં ભારતીય મૂળના અધ્યાત્મનો અનુભવ કરાવ્યો છે. ધર્મ અને અધ્યાત્મ પ્રેરિત નૈતિકતા ભારતીય સંસ્કૃતિનું અનિવાર્ય એવું જીવનમૂલ્ય છે. લેખક વિવિધ પાત્રો દ્વારા આ પ્રકારના જીવનમૂલ્યોની પ્રતિષ્ઠા કરી છે. “સરસ્વતીચંદ્ર” ગૃહત્યાગ કરતા પહેલા કુમુદને પત્ર લખે, વિદ્યાચતુરને પત્ર લખે તેમાં વિવાહ ફોક કરી નાખવાની નૈતિકતા બતાવે છે. અનાયાસ એક જ સ્થળે સરસ્વતીચંદ્ર અને કુમુદ આવી મળે છે, તેમાં કુમુદ વ્યથિત થાય છે. પોતાના કારણે જ દુઃખી છે તેઓ નૈતિક એકરાર કરે છે. આપવા ઈચ્છે છે તેવું લીલાપરનું પદ તે માન સાથે અસ્વીકાર કરે છે, તેમાં નૈતિકતા છે. ધર્મલક્ષ્મીની નૈતિકતા, માનચતુરની નૈતિકતા, ગૃહિણી તરીકેની ગુણસુંદરીની નૈતિકતા, અહીં જરૂર જોવા મળશે. ધર્મરક્ષક સાધુઓ ધર્મ ટકાવી રાખવાના વિવિધ નિયમો, અધ્યાત્મ-સાધના, મઠોમાં ગૂઢ રહસ્યને પામવા માટેનું એકાંતનું સેવન, વિષ્ણુદાસ, ચંદ્રવલી મૈયા જેવી ઉચ્ચ કક્ષાના ધર્મ આરાધકો, જેવા ઉલ્લેખો અને તેનું વિસ્તૃત વર્ણન ભારતીય પરંપરાને ઉપકારક છે. આ બધું જ પ્રસ્તુત નવલકથા દ્વારા લેખકે ભારતીય સંસ્કૃતિનો મહિમા કર્યો છે. સંસ્કૃતિ ચિંતક તરીકે ભારતીય વિચારધારાના દીર્ઘ-દૃષ્ટા તરીકે લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી ગુજરાતી ભાષા સાહિત્યના મુઠી ઊંચેરા સર્જક સિદ્ધ થાય છે.

**સંદર્ભ: સરસ્વતીચંદ્ર” નવલકથા**

Certificate No.:03062025009


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH (MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ. રામભાઈ રામ**

In recognition of the publication of the paper entitled

**સરસ્વતીચંદ્ર : એક અભ્યાસ**

Published in Volume 03, Issue 06, December 2025.

**EDITOR IN CHIEF**